**<u>સ્પે.દિ.મુ.નં. ૧૪૭/૨૦૧૩        આંક– ૧ લગત હુકમ :–</u>**

સદર કામના વાદી ધ્વારા આ કામનો દાવો વેચાણ દસ્તાવેજ રદ્દીકરણ તથા મનાઈ હુકમ તથા હકક સ્થાપનની દાદ મેળવવા માટે દાખલ કરેલ છે. સદર કામનુ રેકર્ડ જોતા વાદી કે, પ્રતિવાદી લાબા ગાળાથી હાજર રહેલ નથી અને તા.૧૧/૩/૨૦૧૯ ના રોજકામ થી સદર કામ સરનામા તથા વારસો માટે રાખવામા આવેલ છે અને ત્યારબાદ વાદી અને તેમના વ.શ્રી ને નોટીસ કાઢવામા આવેલ હોવાનુ પણ રોજકામ વંચાણે લેતા ફલિત થાય છે. વધુમા તા.૬/૧૦/૨૦૨૨ ના રોજ પણ વાદીઓને હાજર થવા નોટીસ કઢાચેલ છે અને તા.૧૭/૯/૨૦૨૪ ના રોજ વાદીના કુ.મુ.નાને પણ નોટીસ કાઢવામા આવેલ છે પરંતુ ત્યારબાદ પણ હાલના કામે વાદી કે, તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી અને દાવાના કામે આગળની કોઈ કાર્યવાહ કરેલી નથી. આમ, રેકર્ડ ધ્યાને લેતા વાદી અને તેમના વિ.વ.શ્રીને દાવાના કામે હાજર થઈ આગળની કાર્યવાહી કરવા પુરતી તક આપવામા આવેલ છે પરંતુ વાદી ધ્વારા હાજર રહી કોઈ કાર્યવાહી કરેલ નથી.

વધુમા આજરોજ પણ વાદી કે, તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી અને દાવાના કામે આગળની કોઈ કાર્યવાહી કરેલ નથી કે, કોઈ રીપોર્ટ પણ રજુ કરેલ ન હોઈ હાલનુ કામ નામદાર હાઈકોર્ટની સુચના મુજબ ટાર્ગેટેડ શ્રેણીમા રાખવામા આવેલ છે અને આ બાબત વાદીના વિ.વ.શ્રીને પણ જાણમા હોઈ તેમ છતા આજરોજ વાદી કે, વાદીના વિ.વ.શ્રી પોકાર કરાવવા છતા હાજર રહેલ નથી કે, તે સંજોગોમા વાદી લાંબા ગાળાથી હાલના કામે હાજર રહેતા નથી અને દાવાની કામગીરી આગળ ચલાવવા કોઈ કાર્યવાહી કરતા ન હોઈ તે સંજોગો મા સી.પી.ઓર્ડર–૧૭ રુલ ૨ ની જોગવાઈઓ ધ્યાને લેતા દાવો વધુ સમય માટે મુલત્વી રાખવો ન્યાયોચિત જણાતુ ન હોઈ દાવા અરજી લગત નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**<u>// હુ ક મ //</u>**

આથી વાદીની હાલની દાવા અરજી સી.પી.ઓર્ડર–૧૭, રુલ–૨ સાથે વાંચતા ઓર્ડર ૯, રુલ–૩ આધારે વાદીની ગેર હાજરીના કારણે કાઢી નાખવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તા.૧૮ માહે–ફેબ્રુઆરી સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળાવી જાહેર કર્યો.

મુ.ગાંધીનગર.

તા.૧૮/૨/૨૦૨૫

(સી.કે.પીપલીયા)
બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ,
ગાંધીનગર.
જી.જે.૦૦૯૯૪